# સંમતિ પત્રક: યુકે બાયોબેન્ક

**અસેસમેન્ટ સેન્ટર નંબર:**
**ભાગ લેનારની જાણ કરનાર:**

યુકે બાયોબેન્કનો ધ્યેય, બીમારી રોકવાંનાં, બીમારીનું નિદાન કરવાંનાં અને બીમારીની સારવારમાં સુધારા-વધારા કરવાનાં હેતુથી હાથ પર લેવામાં આવે એવાં વિવિધ સંશોધનમાં તેમજ પૂરાં સમાજમાં આરોગ્યને પ્રોત્સાહન આપવામાં સહાય કરે એવાં સંસાધનની સ્થાપના કરવાનો છે. માહિતી પત્રિકા વાંચવા અને પ્રશ્નો પૂછવાં બદલ આપનો આભાર. જો આપ ભાગ લેવાં માંગતાં હોય તો કૃપા કરી, ટચ સ્ક્રીન (સ્ક્રીનનો સ્પર્શ કરીને) પર નીચે જણાવેલ પ્રશ્નોનાં જવાબ આપો અને કંપ્યૂટર પેડમાં સહી કરો.

| | |
|---|---|
| મેં માહિતી પત્રિકા વાંચી છે, મને તેમાં સમજ પડી છે અને પ્રશ્નો પૂછવાની તક મળી છે | **હું સહમત છું** |
| હું મારી ઇચ્છાથી ભાગ લઉં છું અને કોઇપણ કારણ આપ્યા વિના કોઇપણ સમયે તેમાંથી નીકળી શકું તે બાબતથી હું વાકેફ છું. | **હું સહમત છું** |
| યુકે બાયોબેન્ક દ્વારા કદાચ ફરીથી મારો સંપર્ક કરવામાં આવે તે બાબતથી હું વાકેફ છું (દા.ત., વધારે પ્રશ્નોનાં જવાબ આપવાં તથા અન્ય મૂલ્યાંકનની મુલાકાતમાં હાજર રહેવું વગેરે), પરંતુ આ વિકલ્પ ફરજીયાત નથી. | **હું સહમત છું** |
| હું મારાં તબીબી તથા અન્ય આરોગ્યને લગતા રેકોર્ડ્સ્ મેળવવાંની અને લાંબા સમય માટે તેનો સંગ્રહ કરવાંની તેમજ આરોગ્યને લગતા સંશોધનનાં ધ્યેય માટે (મારી અસમર્થતા અથવા મૃત્યુ પછી પણ) મારી અંગત માહિતીનો ઉપયોગ કરવાંની મંજૂરી આપું છું. | **હું સહમત છું** |
| હું આરોગ્યને લગતા સંશોધનનાં ધ્યેય માટે (મારી અસમર્થતા અથવા મૃત્યુ પછી પણ) મારા લોહી અને પેશાબનાં નમૂનાનો લાંબા સમય માટે સંગ્રહ કરવાંની તથા તેનો ઉપયોગ કરવાંની મંજૂરી આપું છું તેમજ યુકે બાયોબેન્કને આ નમૂનાઓ દાનમાં આપું છું અને તેના તમામ અધિકારોનો ત્યાગ કરું છું. | **હું સહમત છું** |
| મારાં કોઇપણ પરિણામ મને આપવામાં આવશે નહિ (સિવાય કે આ મુલાકાત દરમિયાન કોઇ ચકાસણીની જરૂર હોય) અને તેમાં ભાગ લેવાથી (દા.ત., જો સંશોધનથી નવી સારવારનો વ્યાપારિક બાબતે વિકાસ થવાનો હોય) મને કોઇ નાણાંકીય ફાયદો થશે નહિ તે બાબતથી હું વાકેફ છું. | **હું સહમત છું** |
| હું યુકે બાયોબેન્કમાં ભાગ લેવાં માટે સહમત છું. | **હું સહમત છું** |

| | | |
|---|---|---|
| | | |
| **સ્વયંસેવકનું નામ** | **તારીખ** | **સહી** |

| | |
|---|---|
| | |
| **સ્ટાફનાં સભ્યનું  નામ** | **તારીખ** |

**યુકે બાયોબેન્ક અંગે વધારે માહિતી માટે કૃપા કરી, 0800 0 276 276 નંબર પર વિના મૂલ્યે ફોન કરો અથવા પ્રોજેક્ટ વેબસાઇટમાં જુઓ: www.ukbiobank.ac.uk**

# યુકે બાયોબેન્ક મૂલ્યાંકનની મુલાકાત માટેની જરૂરી સૂચનાઓ
# (સંમતિની પ્રક્રિયાઓ પહેલાં)

*યુકે બાયોબેન્કનો ધ્યેય, બીમારી રોકવાંનાં, બીમારીનું નિદાન કરવાંનાં અને બીમારીની સારવારમાં સુધારા-વધારા કરવાનાં હેતુથી હાથ પર લેવામાં આવે એવાં વિવિધ સંશોધનમાં તેમજ પૂરાં સમાજમાં આરોગ્યને પ્રોત્સાહન આપવામાં સહાય કરે એવાં સંસાધનની સ્થાપના કરવાનો છે.*

યુકે બાયોબેન્કમાં ભાગ લેવાં માટે નીચે જણાવેલ બાબતોનો સમાવેશ થાય છે:

- આપના આરોગ્ય, જીવનશૈલી, સ્મૃતિ-યાદદાસ્ત, કાર્ય અને પરિવારનાં ઈતિહાસ અંગે કેટલાંક પ્રશ્નોનાં જવાબ આપવાં.

- લોહીનાં દબાણ, નાડીનાં ધબકારાની ગતિ, ઉંચાઇ, વજન, શરીરની ચરબી, હાથથી વસ્તુ પકડવાની શકિત, હાડકાંની નક્કરતા અને ફેંફસાનાં કાર્યની ઓપરેશન કર્યા વિના ચકાસણી.

- લાંબા સમય માટે સંગ્રહ અને પૃથક્કરણ (શરીરનાં જીનને લગતી માહિતી સહિત) કરવાં માટે લોહી (આશરે ૩ ટેબલસ્પૂન્સ) અને પેશાબનાં નમૂના આપવાં.

- મુલાકાતનાં અંતે, "આરોગ્યની તપાસ" ન કરવાનો ધ્યેય હોવા છતાં પણ આપની ચકાસણી (ઉપર જુઓ) નાં મુખ્ય પરિણામની માહિતી મેળવવી. (કોઇપણ પરિણામ બાબતે આપના ડોકટર કે અન્ય વ્યકિતને જાણ કરવામાં આવશે નહિ.)

- ઘણાં વર્ષો સુધી આપના આરોગ્યને લગતા તબીબી રેકોર્ડ તથા અન્ય રેકોર્ડ (ઓક્યૂપેશ્નલ અને રેસીડેન્શીયલ માહિતી) અમે જોઇ શકીએ તેની સહમતિ. આપની દરેક માહિતી અત્યંત ગુપ્તતાથી જાળવવામાં આવશે.

- અમે કેટલાંક વર્ષો પછી કદાચ આપનો ફરીથી સંપર્ક કરીએ (દા.ત., વધારાનાં પ્રશ્નોનાં જવાબ આપવાં અને અન્ય મુલાકાતમાં હાજર રહેવાં), પરંતુ આ ફરજીયાત નથી.

જો આપ અમુક પ્રશ્નોનાં જવાબ સરળતાથી આપી શકો તેમ ન હોય તો તેના જવાબ આપવાની જરૂર નથી. એજ રીતે, આપ અમુક આરોગ્યની ચકાસણી કરાવવાં અથવા પેશાબનો નમૂનો આપવાં ન માંગતાં હોય તો, સેન્ટરનાં સ્ટાફને જણાવો.

અમને આપના લોહીનાં નમૂનાનાં સંગ્રહ માટે તેમજ અધિકૃત સંશોધન માટે કોઇપણ ચકાસણી કરવાં આપની સહમતિની જરૂર પડે. અમને ઘણાં વર્ષો માટે (અસમર્થતા અથવા મૃત્યુ પછી પણ) આપના તબીબી તથા આરોગ્યને લગતા અન્ય રેકોર્ડ મેળવવાં આપની મંજૂરીની જરૂર પડે. આથી આપ આ અભ્યાસનાં અમુક ભાગમાં સહમત થવાં ન માંગતાં ન હોય તો, તેમાં સામેલ થઇ શકશો નહિ.

આગામી વર્ષોમાં, યુકે અને અન્ય જગ્યાઓનાં (વ્યાપારિક કંપનીઓ સહિત) અધિકૃત સંશોધકો દ્વારા આપના લોહી અને પેશાબનાં નમૂનાઓની વિવિધ ચકાસણી કરવામાં આવશે. પરંતુ ચકાસણીનાં કોઇપણ પરિણામની માહિતી આપને, આપના ડોકટરોને કે અન્ય વ્યકિતને આપવામાં આવશે નહિ. આથી આ સંશોધનમાં ભાગ લેવાથી આપને સીધી અસર અથવા કોઇ નુકસાન થશે નહિ.

આપ આ અભ્યાસમાં સામેલ થવાનું નક્કી કરો તે પહેલાં, તેમાં શુ ંસામેલ થયેલ છે તેની સમજૂતી અત્યંત જરૂરી છે: જો આપ કોઇ બાબતે સ્પષ્ટ ન હોય અથવા વધારે માહિતી મેળવવાં માંગતાં હોય તો કૃપા કરી, સ્ટાફનાં સભ્ય સાથે વાતચીત કરો.

અમારી વેબસાઇટમાંથી આપને ગુજરાતી ભાષામાં વિના મૂલ્યે લેખિત માહિતી મળશે: www.ukbiobank.ac.uk
અથવા 0800 0 276 276 નંબર પર ફોન કરવાથી ઉપલબ્ધ થશે.